ADS
શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ
સ્થાપના ઈ.સ. 1999

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજનું મુખપત્ર

GLOBAL DISHAWAL FAMILY
શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ પ્રેરિત
वसुधैव दिशावाल कुटुम्बकम

# દિશાવાળ સૌરભ

GROWING TOGETHER

ટ્રસ્ટ રજી નં.: A/3567
RNI NO.: GUJGUJ/2002/7890

"રસિકલાલ રંગવાલા સદન" - ૫, પહેલો માળ, વાલ્મિક કોમ્પ્લેક્સ, કાલુપુર બેંકની સામે પરિમલ ગાર્ડન, અમદાવાદ-૩૮૦૦૦૬.
website : www.ads-online.in | Email : dishawalsaurabh@yahoo.com | Mob.: +91 95123 40532

સ્થાપના વર્ષ : ૧૯૯૯ ● વર્ષ : ૨૦૨૫ ● અંક : ૧ ● સળંગ અંક : ૨૨૨ ● એપ્રીલ - ૨૦૨૫ ● કિંમત ₹ 3/-

## શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ આયોજીત "સંબંધોની મિઠાશ" - ઈનામ વિતરણ કાર્યક્રમની ઝલક....































# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ આયોજીત
# "સંબંધોની મિઠાશ" - ઈનામ વિતરણ કાર્યક્રમની ઝલક....



# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ

સૌ જ્ઞાતિબંધુઓને જય શ્રી કૃષ્ણ,

"ચૈત્ર સુદ દશમ" એટલે સમગ્ર ગ્લોબલ દિશાવાળ પરિવારનો ઉત્સવ, આપણા સૌના કુળદેવી જગત જનની "શ્રી સિધ્ધામ્બિકા માતાજી" નો પાટોત્સવ, આપણે સૌ દિલ થી આપણા કુળદેવીને સાચી શ્રદ્ધા થી નમન કરીએ, અને પ્રાર્થના કરીએ કે આપણા કુળદેવી "શ્રી સિધ્ધામ્બિકા માતાજી" ના આશીર્વાદ પ્રાપ્ત થાય, આપણે સૌ જ્ઞાતિજનો ઉત્તરોત્તર પ્રગતિ કરીએ.

આપ સૌને ચૈત્ર સુદ દશમના પાટોત્સવની (ઉજાણી)ની શુભેચ્છા.. શુભકામના...

આપણા "શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ" ના વડીલો, ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો અને અગ્રણી આગેવાનો દ્વારા સને 2023 માં એક પહેલ કરવામાં આવી કે ...

- મહિલાઓને મજબૂત બનાવવા "મહિલા સ્વાવલંબન"
- યુવાનોને આગળ વધારવા "શૈક્ષણિક યોજના"
- સમાજના વયોવૃધ્ધ વડીલો માટેલ "વડીલ વંદના"
- સમાજના જરૂરિયાત મંદ લોકોને નાણાકીય સહાય "આર્થિક સહાય યોજના"
- સમાજ માં બીમારીનો સામનો કરી રહેલ માટે "આરોગ્ય યોજના"

જેવી પાંચ મહત્વની યોજનાઓનો અમલ કરવા માટે બીડું ઝડપ્યું. અને આ અંતર્ગત "ગ્લોબલ દિશાવાળ ફેમિલી" ની દબદબાભેર તારીખ ૦૭-૦૧-૨૦૨૪ના રોજ એસ. જી. હાઈવેના હાઈજેનીક વાતાવરણ માં "નિર્વાણા પાર્ટી પ્લોટ", અમદાવાદ ખાતે લગભગ ૪૦૦૦ જ્ઞાતિજનોની હાજરીમાં ધમાકેદાર આયોજન, ઉજવણી થઈ. આ કાર્યક્રમ માં ઉપર જણાવેલ પાંચ યોજના ઓનું વિધિવત રીતે લોન્ચિંગ થયુ, અને સમાજના મહાન દાતાઓની પહેલ થઈ અને એમણે સેવાના આ મહા કુંભમાં રૂપિયા ૩૧ લાખ નું માતબર દાન આપીને સમાજ પ્રત્યે ની એમની નિષ્ઠાને નતમસ્તક પ્રણામ, સલામ છે.

આ મહાન દાતાઓની સૂચિ માં

1) મહિલા સ્વાવલંબન યોજના : શ્રીમતી સરલાબેન અરવીંદભાઈ શાહ પરિવારને અભિનંદન...
2) આરોગ્ય સહાય યોજના : શ્રીમતી રેણુકાબેન જગદીશભાઈ પરીખ પરિવારને અભિનંદન...
3) શિક્ષણ સહાય યોજના : શ્રીમતી શાંતાગૌરી રસિકલાલ [રંગવાલા] શાહ પરિવારને અભિનંદન...
4) આર્થિક સહાય યોજના : શ્રી પ્રવિણચંદ્ર રણછોડલાલ દેસાઈ પરિવાર ને અભિનંદન...
5) વડીલ વંદના યોજના : શ્રી કિરીટભાઈ કાંતિલાલ શાહ પરિવાર ને અભિનંદન...

આ સેવા ના મહાકુંભ માં જેમણે સાચા દિલથી અભિષેક કર્યો છે તેઓ શ્રી

- શ્રી સિદ્ધાર્થભાઈ અરવિંદભાઈ શાહ
- શ્રી સૌરીનભાઈ જગદીશભાઈ પરીખ
- શ્રી સુભાષભાઈ રસિકભાઈ શાહ (રંગવાલા)
- શ્રી દેવાંગભાઈ પ્રવિણચંદ્ર દેસાઈ
- શ્રી કિરીટભાઈ કાંતિલાલ શાહ

ની નિષ્ઠા ને નતમસ્તક સલામ, તેઓને સાચા દીલ થી અભિનંદન...

આમ આ ઉપરોક્ત યોજનામાં સહભાગી થવા માટે સહદાતા તરીકે રૂપિયા ૧૫ લાખ નો સહયોગ કરી આપ આપના કુટુંબીજનો ના નામે, સ્મરણાર્થે લાભ લઈ અને જરૂરિયાત મંદ ને લાભ આપી શકો છો.

આ યોજના અત્યારના સંજોગ જોતા પાંચ વર્ષ માટે આપણે ચાલુ રાખીશું. ત્યારબાદ સૌના સાથ સાથે આગળ વધારીશું. આપ સૌને નમ્ર અપીલ છે કે આ સેવાના મહાકુંભમાં "શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ" ના સંગમ સ્થાને સેવા રૂપી કાર્ય કરવાની ડૂબકી મારવા આમંત્રણ...

ઉપરોક્ત યોજનાઓ હાલ ના સંજોગ માં પાંચ વર્ષ માટે આપ ન્યુનતમ રૂપિયા ૧૦,૦૦૦/- (પ્રતિવર્ષ) સાથે જોડાઈ શકો છો. મિત્રો આપને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે ૨૦૨૪ ના વર્ષ માં આ બધી જ યોજના થકી આપણે રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- અને કુલ ૧૬૦ જરૂરિયાત મંદ આપણા દિશાવાળ ભાઈ-બહેનો ના ડાયરેક્ટ એકાંઉન્ટ માં જમા કરાવ્યા છે.

આવો આપણે સૌ સાથે મળી ને સમાજ ઉત્તરોત્તર પ્રગતિ કરે, આવનારી પેઢી આ સામાજિક કાર્યમાં જોડાય અને આપણો "શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ" ઉચ્ચ શિખરે પહોંચે તેવી શુભેચ્છા.. શુભકામના... ફરીથી આપ સૌ ને "ફૂલ નહીં તો ફૂલ ની પાંખડી" સમા સમાજના સેવાના મહાકુંભ માં જોડાવા નમ્ર હૃદયના ઊંડાણથી અરજ કરીએ છીએ.

પરમ કૃપાળું પરમાત્મા ની આપ સૌના ઉપર આશીર્વાદની અવિરત ધારા વહેતી રહે, આપ સૌ સ્વસ્થ રહો, મસ્ત રહો, એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.. આ અંગેની વધુ માહિતી માટે આપ પાછળ જણાંવેલ ફંડરેઝિંગ કમિટી મેમ્બર્સનો સંપર્ક કરી શકો છો. જય શ્રીકૃષ્ણ...

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ ની સ્થાપના સન ૧૯૯૯ માં 12 જ્ઞાતિ ઘટકો ના સાથ સહકારથી થઈ. સમાજ દ્વારા વિવિધ સમાજ ઉપયોગી કાર્યો જેવા કે શૈક્ષણીક કાર્યક્રમ, ઈનામ વિતરણ, વડીલ સન્માન કાર્યક્રમ, લગ્ન ઉત્સુક યુવક યુવતી માટે પરિણય સેતુ કાર્યક્રમ, સમાજની મહિલા પાંખ દ્વારા આયોજિત ગરબા અને પીકનીક જેવા કાર્યક્રમ, મનોરંજન કાર્યક્રમ, ટેલેન્ટ ઇવનિંગ જેવા, કાર્યક્રમો દ્વારા સમાજ માં ખૂબ જ ઉત્સાહ થી સેવા ની વણથંભી વણઝાર વહી રહી છે.

આ સેવાકીય કાર્યોના અંતર્ગત "શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ પ્રેરિત "ગ્લોબલ દિશાવાળ ફેમિલી" દ્વારા "પંચપર્વ"ના આયોજનનો ખુબ જ સુંદર વિચાર આપની સમક્ષ રજુ કરીએ છીએ. આ "પંચપર્વ" થકી સમાજ ના વિવિધ વર્ગ ને જોડતી કડી બની રહેનાર છે. જેમાં...

## પંચપર્વ

1. ગામઠી ગરબા નવરાત્રી નિમિત્તે
2. ફેમિલી મેગા બમ્પર હાઉસી
3. લગ્નઉત્સુક યુવક-યુવતિ પરિચય સંમેલન
4. શૈક્ષણિક ઈનામ વિતરણ + ટેલેન્ટ ઇવનિંગ
5. કાર્નિવલ + આનંદમેળો + યુથ નેટવર્કિંગ ના સ્ટોલ

**આ બધા જ પ્રોગ્રામ વર્ષ 2025-26 માં યોજાશે.**

આમ ઉપર જણાવેલ વિવિધ કાર્યક્રમો દ્વારા "પંચપર્વ" નું આયોજન કરેલ છે.

## પંચપર્વ ની સ્પોન્સરશીપ માટે

### મેઇન સ્પોન્સર : Rs.5,00,000/-

1. પંચપર્વ માં સ્પોન્સોર તરીકે જાહેરાત
2. મેરેજ બ્યુરોની બુક માં સ્પોન્સર તરીકે
3. મેરેજ બ્યુરોની યુવક-યુવતીની કિટ માં સ્પોન્સોર
4. મેરેજ બ્યુરોમાં સ્પોન્સોર કેનોપી
5. પંચપર્વ ના પાસ ઉપર સ્પોન્સોર તરીકે લોગો
6. શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ ના પ્રસિદ્ધ થનાર ત્રિમાસિક અંક માં 1 પેજ જાહેરાત.

### કો સ્પોન્સર : Rs. 2,50,000/-

1. પંચપર્વમાં કો-સ્પોન્સર તરીકે જાહેરાત
2. મેરેજ બ્યુરોની બુક માં કો-સ્પોન્સર તરીકે
3. મેરેજ બ્યુરોની યુવક-યુવતીની કિટમાં કો-સ્પોન્સર
4. મેરેજ બ્યુરો માં કો-સ્પોન્સર કેનોપી
5. પંચપર્વ ના પાસ ઉપર કો-સ્પોન્સર તરીકે લોગો
6. શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ ના પ્રસિદ્ધ થનાર ત્રિમાસિક અંક માં અડધું પેજ જાહેરાત

### ચેનલ પાર્ટનર : Rs.1,00,000/-

1. પંચપર્વમાં ચેનલ પાર્ટનર તરીકે જાહેરાત
2. મેરેજ બ્યુરોની બુક માં ચેનલ પાર્ટનર તરીકે
3. મેરેજ બ્યુરોની યુવક-યુવતીની કિટમાં ચેનલ પાર્ટનર
4. મેરેજ બ્યુરો માં ચેનલ પાર્ટનર કેનોપી
5. 6. શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ ના પ્રસિદ્ધ થનાર ત્રિમાસિક અંક માં ક્વાર્ટર પેજ જાહેરાત

# Fund Raising Committee

| પ્રમુખ | સેક્રેટરી | કન્વીનર | સહ કન્વીનર | | |
|---|---|---|---|---|---|
| દેવાંગ દેસાઈ<br>(અમદાવાદ દિશાવાળ)<br>9898814682 | દીપક શાહ<br>(નવગામ દિશાવાળ)<br>9898078379 | શ્રેતલ શાહ<br>(નાપા નડિયાદ દિશાવાળ)<br>9825063439 | સિદ્ધાર્થ શાહ<br>(અમદાવાદ દિશાવાળ)<br>9825068424 | અશોક શાહ<br>(સાદરા દિશાવાળ)<br>9824011050 | દેવાંગ શાહ<br>(પાટણ દિશાવાળ)<br>9898191200 |
| મિતેશ શાહ<br>(નાપા નડિયાદ દિશાવાળ)<br>98790 10547 | જીજ્ઞેશ ભગત<br>(વીશા દિશાવાળ)<br>9824019569 | શૈલેષ શાહ<br>(નવગામ દિશાવાળ)<br>9427616975 | સંજય શાહ<br>(કડી દિશાવાળ)<br>9825653172 | પરાગ શાહ<br>(ખંભાત દિશાવાળ)<br>9898659036 | અમીષ વૈદ્ય<br>(પેટલાદ દિશાવાળ)<br>9825126574 |
| ચિંતન શાહ<br>(સરસપુર દિશાવાળ)<br>7777999408 | દક્ષાબેન શાહ<br>(નવગામ દિશાવાળ)<br>9426424555 | ધવલ શાહ<br>(રૂપાલ દિશાવાળ)<br>9825822238 | રાગેશ સરૈયા<br>(અમદાવાદ દિશાવાળ)<br>9825035918 | વિજય એ. શાહ<br>(ડાકોર દિશાવાળ)<br>9428330429 | ધર્મેશ શાહ<br>(નવગામ દિશાવાળ)<br>9979866022 |

**સમાજના હોદ્દેદારશ્રી**

**દેવાંગ પી. દેસાઇ** - પ્રમુખ
(M) 98988 14682, 94092 30043
**દેવાંગ કે. શાહ** - ઉપપ્રમુખ
(M) : 98981 91200
**દિ. ગૌરવ અશોકભાઈ બી. શાહ**-ઉપપ્રમુખ
(M) : 98240 11050
**દીપક સી. શાહ** - મંત્રી
(M) : 98980 78379
**જીગ્નેશ એ. ભગત** - સહમંત્રી
(M) : 98240 19569
**શ્વેતલ એમ. શાહ** - સહમંત્રી
(M) : 98250 63439
**મિતેષ એમ. શાહ** - ખજાનચી
(M) : 98790 10547

**ટ્રસ્ટીશ્રી**

દિ. ગૌરવ **જગદીશભાઈ એસ. શાહ**
(M) 99251 04088
**પ્રમોદભાઈ આર. શાહ**
(M) : 84017 37072
**કિરીટભાઈ કે. શાહ**
(M) : 98240 32835
દિ. ગૌરવ **અશ્વિનભાઈ કે. પરીખ**
(M) : 98240 82007
દિ. રત્ન **સૌરીનભાઈ જે. પરીખ**
(M) : 90999 77555

**મહિલા પાંખ હોદ્દેદારો**

**સરલાબેન એ. શાહ** - ચેરપર્સન
(M) : 93282 10543
**દક્ષાબેન એન. શાહ** - પ્રમુખ
(M) : 94264 24555
**નિનાબેન જી. શાહ** - ઉપ પ્રમુખ
(M) : 95582 49987
**વિરલબેન આર. શાહ** - મંત્રી
(M) : 99040 30301
**રેશ્માબેન એચ. શાહ** - સહમંત્રી
(M) : 93277 69255
**બીજલબેન જે. ભગત** - ટ્રેઝરર
(M) : 97238 19569

**સંપાદકીય કમિટી**

**હર્ષદ જે. શાહ** - તંત્રી
(M) : 93270 57349
**ભરત એન. શાહ** - સહતંત્રી
(M) : 94264 04209
**સુનીલ બી. શાહ** - સહતંત્રી
(M) : 93761 68924
**રૂપલ કે. શાહ** - સહતંત્રી
(M) : 99241 32212

**નેટવર્કીંગ ફોરમ**

**પરાગ બી. શાહ** - કન્વીનર
(M) : 98250 26247

**યુથવિંગ**

**ચિંતન પી. શાહ** - પ્રમુખ
(M) : 98245 14091

**સહાયકારી યોજનાઓ**

**સિધ્ધાર્થ એ. શાહ** - કન્વીનર
(M) : 98250 68424
**"દિ. ગૌરવ" શૈલેષ સી. શાહ (સહ કન્વીનર)**
(M) : 98980 76379

**કાનુની સલાહકાર**

**ધીરેન બી. પરીખ**
(M) : 94262 65355



**દેવાંગ પી. દેસાઇ**

## પ્રમુખશ્રીની કલમે.....

**પ્રિય સભ્ય મિત્રો,**

**સાદર પ્રણામ**

સૌને જયશ્રીકૃષ્ણ, શ્રી અમદાવાદ દિશાવાળ સમાજની પ્રવૃત્તિ અને પ્રગતિ ખૂબ સફળતા પૂર્વક આગળ વધી રહી છે. સમાજની દરેક પ્રવૃત્તિને સફળ બનાવવા મારા સાથી હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, તેમજ સમાજબંધુઓ તરફથી ખૂબ જ પ્રશંસનીય સહકાર મળે છે, એ પ્રોત્સાહન થકી વધુ ને વધુ કામ કરવાનો આનંદ મળે છે. સમાજ દ્વારા ૭મી જાન્યુઆરી **"દિશાવાળ ગૌરવ દિવસ"**ની ઉજવણી પ્રસંગે સમાજના પરિવારના ૬૦ થી વધુ સભ્યો દ્વારા "સંબંધની મિઠાશ" અદ્દભૂત કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. મિત્રો, આ વર્ષે આપણે સૌ પ્રથમ વખત સફળતાપૂર્વક **બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ**નું આયોજન કર્યું, જે સૌ એ ઉત્સાહભેર માણી. અહીં ખાસ ઉલ્લેખ કરવો આવશ્યક છે કે **"પરમ પૂજ્ય વૈષ્ણવાચાર્ય ડૉ. દ્વારકેશલાલજી મહોદય શ્રી કડી, અમદાવાદ"**ની પ્રેરક ઉપસ્થિતિમાં તેમના વરદ હસ્તે ટુર્નામેન્ટ વિજેતા તથા તમામ ટીમોને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યાં, એ આપણાં ગૌરવની વાત છે, વધુમાં સમાજ દ્વારા શરૂ કરવામાં આવેલી **મહિલા સ્વાવલંબન, આર્થિક સહાય, મેડિકલ સહાય, શિક્ષણ સહાય અને વડિલ વંદના યોજનાઓ** થકી મહત્તમ લાભાર્થિઓને સહાય મળી. આ માટે વિવિધ પ્રકારના દાન દ્વારા સમાજને મજબૂત કરવા દાતાઓએ આપેલ સહકાર ખૂબ જ અમૂલ્ય છે, જે દાતાશ્રીઓના દાન થકી આપણાં સમાજ ને આગવી ઓળખ મળી રહી છે, તેમના પ્રયત્નોને બિરદાવી તેમનો આભાર વ્યક્ત કરૂં છું. દાનનો પ્રવાહ અસ્ખલિત રીતે વહેતો રહે એ માટે આપણે સૌ સતત પ્રયત્નશિલ રહીશું મારે ખાસ એ કહેવું છે કે જરૂરતમંદ વ્યક્તિઓને પણ મારી કરબદ્ધ વિનંતી છે કે આપ સહાય મેળવવા માટે નિઃસંકોચ સમાજની ઓફિસમાં અથવા આપના ઘટક પ્રમુખનો સંપર્ક કરી શકો છો. આપની માહિતીની ગોપનીયતાની વચનબદ્ધતા સાથે નિયમોને આધિન શક્ય સહાય આપના સુધી પહોચતી કરવામાં આવશે. આ વર્ષે વિશેષમાં, વર્ષાન્તે "પંચ પર્વ"ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ઉત્સવની ઉજવણી સમા પાંચ કાર્યક્રમોની વિગતો આ અંકમાં જણાંવેલ છે.

દેશ-વિદેશમાં ચારે બાજુ પથરાયેલા સમાજને ધંદાકીય લાભ થાય તે હેતુથી તથા જ્ઞાતિજનો વ્યાપાર ધંધા ક્ષેત્રે આગળ વધે અને તેની સંપૂર્ણ માહિતી રૂબરૂ સંપર્ક દ્વારા મળી રહે તે હેતુથી કાર્યરત ADS NETWORKING FORAM ની અદ્દભૂત કામગીરીની ચોક્કસ નોંધ લેવી પડે. **શ્રી પરાગભાઈ શાહ** અને **ચિંતનભાઈ શાહ** ની રાહબરીમાં સમયાંતરે યોજાતી ફોરમની મીટીંગ દ્વારા આ અભિયાન મક્કમપણે સફળતાના શિખરો સર કરી રહ્યું છે. સૌ હોદ્દેદારોને હાર્દિક અભિનંદન જે સમાજમાંથી આવ્યા છે તે સમાજનું ઋણ અદા કરવા આપણે સૌ સાથે મળીને સમાજને ખૂબ જ આગળ લઈ જઈ વિકાસના પંથે લઈ જઈએ એજ આજના સમયની માંગ છે. વિના સહકાર નહીં ઉદ્ધાર.

પરમ કૃપાળુ શ્રી જીબાવાને પ્રાર્થના, કે સૌને હોંશભેર, હિંમતભેર કામ કરવાની શક્તિ આપે કે જેથી આપણે સૌ સફળતાના સર્વોત્તમ શિખર સર કરી શકીએ. સમાજની સ્થાપના શરૂ કરીને આ સ્થિતિએ પહોંચાડવા માટે અથાગ પરિશ્રમ કરનાર ટ્રસ્ટના ભૂતપૂર્વ વહીવટકર્તાઓ તથા સૌ જ્ઞાતિબંધુઓના ઋણ સ્વિકાર સાથે, તમામ ક્ષેત્રે સમાજની સતત પ્રગતિ થાય તે જ અભ્યર્થના સહ. દેવાંગ દેસાઈના જયશ્રીકૃષ્ણ.

# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ આયોજીત

## સંબંધોની મીઠાસ - એક મ્યુઝીકલ સ્ટોરી

તા. ૭-૧-૨૦૨૫, ટાગોર હોલ.

## અદ્દભૂત કાર્યક્રમ અને ઈનામ વિતરણ

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ તમામ દિશાવાળ જ્ઞાતિજનોને એક તાંતણે બાંધવા કટીબદ્ધ છે. તે કટીબદ્ધતાને ધ્યાને રાખીને સમગ્ર દિશાવાળ જ્ઞાતિજનોનું મહાસ્નેહમિલન ગઈ સાલ યોજવામાં આવેલ અને તે **૭મી જાન્યુઆરીના દિવસે ‘‘દિશાવાળ ગૌરવ’’ દિવસ તરીકે સ્વિકારવામાં આવેલ...**

‘‘દિશાવાળ ગૌરવ’’ દિવસની વર્ષોવર્ષ ઉજવણી કરવાના સંકલ્પને પ્રાથમિકતા આપતા ચાલુ વર્ષે પણ ૭મી જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ટાગોર હોલ ખાતે એક નવિન થીમ. **‘‘સંબંધોની મીઠાસ - એક મ્યુઝીકલ સ્ટોરી’’** નું આયોજન કરવામાં આવેલ. પરીવારમાં - સમાજમાં સંબંધોના મહત્વને લઈને એક ઉપદેશ આપવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો. સંકટના સમયે પરીવારજનોએ- જ્ઞાતિજનોએ એક જુથ રહીને સમસ્યાનો હલ શોધવો અને એક સાથે ખભે ખભા મિલાવીને ઉભા રહેવાની શીખ આપતી મ્યુઝીકલ સ્ટોરી હ્યદયસ્પર્શી હતી. દાદા-દાદી, માતા-પિતા, ભાઈ-બહેન, બાળકો વચ્ચે પ્રેમ હુંફ લાગણીને વાચા આપતી સ્ટોરી એક નૃત્ય નાટીકાના સ્વરૂપમાં રજુ કરી તમામના દિલ જીતી લીધા.

**સમાજના જ કુલ ૫૬ બાળકો, યુવાનો, મહિલાઓ, આધેડ થકી તૈયાર કરાયેલ નૃત્યનાટીકા,** મ્યુઝીકલ બેન્ડની દિલધડક પ્રસ્તુતિ, તથા સ્ટેન્ડઅપ કોમેડી કીંગ **શ્રી દેવેશભાઈ દરજી** દ્વારા સામાજીક કોમેડી થકી હાસ્ય તરબોળ...યુવાધનને સમાજ સાથે જોડીને સમાજને એક અલાયદા સ્થાને લઈ જવાની શરૂઆત કરવામાં આવી.

કાર્યક્રમની શરૂઆત સહમંત્રી **શ્રી શ્વેતલભાઈ શાહે** માતાજીના જય ઘોષ સાથે કરી, પ્રમુખ **શ્રી દેવાંગભાઈ દેસાઈ**, મંત્રી **શ્રી દીપકભાઈ શાહ**, શ્રી મુંબઈ દિશાવાળ સમાજના પ્રમુખ **શ્રીમતી પારૂલબેન શાહ** તથા શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના મહિલા પાંખ પ્રમુખ **શ્રીમતી દક્ષાબેન શાહ** તેમ જ મહિલા પાંખના ઉપપ્રમુખ **શ્રીમતી નીનાબેન શાહ**, મંત્રી **શ્રીમતી વિરલબેન** સહમંત્રી **શ્રીમતી રેશ્માબેન** તથા ખજાનચી **શ્રીમતી બિજલબેન** ને સ્ટેજ ઉપર દીપપ્રાગટ્ય માટે આમંત્રણ આપવામાં આવેલ. તેઓની સાથે સમાજના ઉપપ્રમુખ **શ્રી અશોકભાઈ શાહ**, ઉપપ્રમુખ **શ્રી દેવાંગભાઈ શાહ**, સહમંત્રી **શ્રી શ્વેતલભાઈ શાહ**, સહમંત્રી **શ્રી જીગ્નેશભાઈ ભગત** ખજાનચી **શ્રી મિતેષભાઈ શાહ**, સમાજના ટ્રસ્ટી શ્રી ‘‘દિશાવાળ ગૌરવ’’ **શ્રી જગદીશભાઈ શાહ** તથા દિશાવાળ સૌરભના તંત્રી **શ્રી હર્ષદભાઈ શાહ** જોડાયા હતા. દીપ પ્રાગટ્ય બાદ પ્રમુખ **શ્રી દેવાંગભાઈ દેસાઈએ** સ્વાગત પ્રવચનમાં તમામને આવકાર્યા હતા અને સમાજને નવિન દિશામાં લઈ જવાના સંકલ્પને વાગોળ્યા હતા. ત્યાર બાદ શ્રી મુંબઈ દિશાવાળ સમાજના પ્રમુખ **શ્રીમતી પારૂલબેન શાહે** વિદ્યાર્થિઓને અભિનંદન પાઠવેલ અને સમારંભની સફળતા ઈચ્છતાં શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ નવિન અભિગમ સાથે કાર્ય કરી રહેલ છે. તે સરાહનીય છે, તેમ જણાંવેલ. મહિલા પાંખ પ્રમુખ **શ્રીમતી દક્ષાબેન શાહે** વિદ્યાર્થિઓને અભિનંદન તથા નૃત્યનાટિકામાં ભાગ લીધેલા તમામને શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ તમામ શૈક્ષણિક વિજેતા તારલાઓને ઈનામથી નવાજવામાં આવેલ. હાજર સૌએ તાલીઓના ગડગડાટ સાથે વિજેતાઓને નવાજ્યા હતા. આભાર વિધિની રસમ સમાજના મંત્રી **શ્રી દીપકભાઈ શાહે** નિભાવી હતી.

ત્યાર બાદ સમાજના મહિલા પાંખ પ્રમુખ **શ્રીમતી દક્ષાબેન શાહ** અને **શ્રી અર્થભાઈ (અનુજ) શાહ** તથા તેમની સમગ્ર ટીમ દ્વારા કરાયેલી કોરીયોગ્રાફી દ્વારા સમાજના ૫૬ થી વધુ બાળકો, મહિલાઓ, યુવાનો, વયસ્કને ટ્રેનીંગ આપી તૈયાર કરાયેલ અલગ-અલગ નૃત્યનાટીકા રજુ કરવામાં આવી. મ્યુઝીકલ બેન્ડની પણ રજુઆત કરવામાં આવી. સમાજ દ્વારા શરૂ કરવામાં આ નવિનતમ અભિગમ-વિચારને સૌએ ખૂબ જ વખાણી હતી અને તાલીઓના ગડગડાટ સાથે સૌને પ્રોત્સાહિત કર્યા હતા. કોમેડીના કીંગ **શ્રી દેવેશભાઈ દરજી** દ્વારા સ્ટેન્ડઅપ કોમેડી રજુ કરવામાં આવી હતી. નાની નાની સામાજીક વાતોને કોમેડી સ્વરૂપમાં રજુ કરી એક પોઝીટીવ વિચારો રજુ કર્યા હતા આ નૃત્ય નાટીકા અંગે છેલ્લા ૩૦-૩૫ દિવસથી સતત મહેનત કરનાર **શ્રીમતી દક્ષાબેન શાહ** તથા **શ્રી અર્થભાઈ શાહ**નું મોમેન્ટોથી સન્માન કરવામાં આવેલ... અને નૃત્યનાટીકામાં ભાગ લેનાર તમામ ૫૬ પાર્ટીશીપન્ટસને પણ અલગ મેડલ આપી પ્રોત્સાહિત કર્યા હતા. અંતમા રાષ્ટ્રગાન સાથે સૌ આ નવિનતમ રજુઆતને વાગોળતા છુટા પડ્યા હતા.



# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ આયોજીત

# સૌ પ્રથમ વાર બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ



૨૦૨૫ના નવા વર્ષની શરૂઆત શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ માટે એક યાદગાર સંભારણું બની રહી. સમાજની ઓફિસમાં એક ઔપચારિક મિટીંગ દરમ્યાન પ્રમુખ **શ્રી દેવાંગ ભાઈ** અને મંત્રી **શ્રી દીપકભાઈ**એ નવા વર્ષના આરંભે કંઈક નવું કરવાની ઈચ્છાશક્તિ સાથે સમાજનાં જ ઘટકોની ટીમો વચ્ચે સૌ પ્રથમ વખત ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવાનો વિચાર રજૂ કર્યો. તેને તાત્કાલિક ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો અને એક સરસ મજાના ઈવેન્ટની જાહેરાત કરવામાં આવી. મિત્રો તમને સૌને જાણ છેજ કે આપણે ૭ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ગ્લોબલ દિશાવાળ ફેમિલીના લોન્ચિંગ સાથે ભવ્ય મહાસ્નેહ મિલનનું આયોજન કર્યું હતું. અને **૭ મી જાન્યુઆરીને "દિશાવાળ ગૌરવ દિવસ"** તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું ૨૦૨૫ના દિશાવાળ ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે **તારીખ ૩,૪ અને ૫ જાન્યુઆરીના રોજ શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ** દ્વારા **સૌ પ્રથમ વખત બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું. "ફાયર બોલ બોક્સ ક્રિકેટ"**, એસ. પી. રીંગ રોડ ખાતે યોજાયેલા આ ઈવેન્ટને અભૂતપૂર્વ રીસ્પોન્સ મળ્યો. જાહેરાત થતાંની સાથે જ સાદરા અને રૂપાલની ૩-૩ ટીમ, નવગામ, સરસપુર અને વીસા દિશાવાળ ની ૨-૨ ટીમ તથા કડી, નાપા-નડીયાદ, બાકરોલ અને અમદાવાદ દશા દિશાવાળની ૧-૧ ટીમ, એમ કુલ ૧૬ ટીમોનું રજીસ્ટ્રેશન થઈ ગયું, સ્પોન્સરશીપ માટે પણ દાતાઓ ઉત્સાહભેર આગળ આવ્યા. શ્રી અમદાવાદ દિશાવાળ સમાજની યુવા પાંખની કોર ટીમે જબરજસ્ત ઉત્સાહ સાથે Day 1 થી કામગીરી નું સરસ મજાનું આયોજન હાથ ધર્યું. પરિણામ સ્વરૂપ, તારીખ ૩,૪ અને ૫ જાન્યુઆરી, ૨૦૨૫...@ **"ફાયર બોલ બોક્સ ક્રિકેટ"**. એક અવિસ્મરણીય અનુભવ અને ઉજવણી બની રહી. હોદ્દેદારોની ચોક્સાઈ પૂર્ણ કામગીરી, રમતવીરોને પ્રોત્સાહન, ક્રિકેટ પ્રેમીઓની સતત હાજરી, પોતપોતાની ટીમો માટે આનંદપૂર્વક ચીયર અપ, રોજ સ્વાદિષ્ટ ભોજન અને મઝા જ મઝા.

આ આખાયે ઈવેન્ટ ના શિરમોર સમાન પ્રસંગ એટલે ADS **"બોક્સ ક્રિકેટ ટુ ર્નામેન્ટ"** ના અંતિમ દિવસે યોજાયેલી સરસ ક્લોઝીંગ સેરિમની. પ્રમુખ **શ્રી દેવાંગભાઈ** અને મંત્રી **શ્રી દીપકભાઈએ** લાંબી વિચારણાંના અંતે, ઈનામ વિતરણ કોના હસ્તે કરવું એ માટે એક વ્યક્તિવિશેષનું નામ વિચાર્યું અને તેમની સમક્ષ વિનંતિ મૂકી. અને **શ્રી નીનાબેન શાહ** (કડી) ના સુચન અને સહકારથી તથા સમયની મર્યાદા અને અત્યંત વ્યસ્ત છતાં, **આ માટે પરમ પૂજ્ય વૈષ્ણવાચાર્ય ડો. દ્વારકેશલાલજી મહોદય શ્રી કડી, અમદાવાદ તરફથી સંમતિ મળી**, જે આપણાં માટે ગૌરવની વાત છે. જે જે શ્રીના વરદ હસ્તે આશીર્વાદ અને અભિનંદન સ્વિકારવા તમામ ટીમના કેપ્ટનને ટીમ સાથે ડ્રેસ કોડમાં ગ્રાઉન્ડ પર સમયસર હાજર રહેવા ખાસ સૂચના આપવામાં આવી, **આદરણીય વૈષ્ણવાચાર્ય શ્રી** સમયસર ટુર્નામેન્ટ સ્થળે પધાર્યા. સૌથી વધુ આનંદ અને આશ્ચર્યજનક વાત એ કે આવતાની સાથેજ તેઓ શ્રી સીધા જ ક્રિકેટ પીચ પર પહોંચી ગયા. ખેલાડીઓ સાથે થોડી વાતચીત કરી અને હાથમાં બેટ લીધું. બસ, પછી તો સમાજના હોદ્દેદારોની બોલીંગ અને વૈષ્ણવાચાર્ય શ્રી ની બેટીંગ ન ભૂતો ન ભવિષ્યતિ જેવી આ અદભૂત ક્ષણો હંમેશ માટે મીઠી યાદ બની રહેશે. **જે જે શ્રી એ વિજેતા ટીમને વીનર ટ્રોફી અને ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ ટીમોને, ક્રિકેટ પીચ ઉપર જ, ઔપચારિક બેઠક પરથી મોમેન્ટ એનાયત કરીને આશીર્વચન પાઠવ્યાં.** પ્રાસંગિક ઉદ્દબોધનમાં તેમણે જીવનમાં ખેલ અને ખેલદિલીનું મહત્વ સમજાવી, ખાસ કરીને યુવાનો માટે પ્રેરણારૂપ વ્યક્તવ્ય આપ્યું. ભવિષ્યમાં સમાજના કાર્યક્રમાં અનુકૂળતાએ હાજરી આપવાની વચનબદ્ધતા સાથે જે જે શ્રી એ આપણા સૌનો આભાર સ્વિકાર કરી, પ્રસ્થાન કર્યું.

બોક્સ ક્રિકેટ માટેનું ગ્રાઉન્ડ ત્રણ દિવસ માટે સમાજના યુથવીંગના પ્રમુખ **શ્રી ચિંતનભાઈ**ના પરમ મિત્ર **શ્રી સતિશભાઈ** તરફથી વિના મૂલ્યે આપવામાં આવ્યું હતું, આ માટે **શ્રી સતિશભાઈ**નો સમાજ આભાર માને છે.

આ ત્રણ દિવસની ટુર્નામેન્ટ માટે ઘણાં દિવસથી સતત મહેનત કરવા બદલ **શ્રી સત્યમભાઈ શાહ**, **શ્રી પરાગભાઈ શાહ**, **શ્રી ચિંતનભાઈ શાહ**, રેફરી તરીકે ની સેવા આપનાર **શ્રી સુનિલભાઈ શાહ**નો તથા યુથ વિંગની ટીમના તમામ સભ્યોનો આભાર માનવામાં આવ્યો હતો. ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ ૧૬ ટીમનો પણ આભાર માનવામાં આવેલ.

પ્રમુખ **શ્રી દેવાંગભાઈ દેસાઈ**એ આ પ્રસંગે મળેલ અનહદ રીસ્પોન્સના પ્રત્યુત્તરમાં ભવિષ્યમાં આવા કાર્યક્રમના આયોજન અંગે કટીબદ્ધતા દર્શાવી હતી.

## શ્રી દશા દિશાવાળ વણિક જ્ઞાતિ અમદાવાદ ઘટક

### (નાપા, નડિયાદ, અમદાવાદ વિ.)

### શ્રી સિદ્ધાંમ્બિકા માતાજીની ઉજાણીનો હેવાલ

જ્ઞાતિ દ્વારા તા. ૭-૪-૨૦૨૫ સોમવાર, સવારે ૯-૩૦ કલાકે શ્રી સિદ્ધાંમ્બિકા માતાજી મંદિર, સદ્દમાતાની પોળ,રાયપુર મુકામે માતાજીની આરતી કરી પ્રસાદ ધરાવીને સૌ કારોબારી મેમ્બર છૂટા પડ્યા હતા.

ત્યાર બાદ સાંજે ૬-૩૦ કલાકે માતાજીની ઉજાણી કાંકરીયા પીકનીક હાઉસ, મણિનગર ખાતે ૨૫૦ સભ્યોની હાજરીમાં ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી. પ્રમુખ **શ્રી મિતેષભાઈ** કારણસર ઉપસ્થિત ના રહી શકવાથી ઉપપ્રમુખ **શ્વેતલભાઈ એ** પ્રમુખનું સ્થાન સંભાળ્યુ હતું.

શ્રી સિધ્ધામ્બિકા માતાજીને ફૂલહાર ચઢાવી તેમજ થાળ ધરાવી માતાજીની આરતી કરવામાં આવી સૌ સભ્યો એ વારાફરતી આરતીનો લાભ લીધો. ત્યાર બાદ સ્ટેજ ઉપર **શ્વેતલભાઈ** તથા મુખ્ય મહેમાન તરીકે આપણી જ્ઞાતિના ખૂબ જ મોટા અને સચોટ એસ્ટ્રોલોજીનું કામ કરતા **શ્રી ચંન્દ્રકાન્તભાઈ નાનુંભાઈ શાહ** ને આમંત્રણ આપીને બેસાડ્યા.

સેક્રેટરી **શ્રી હર્ષદભાઈ શાહ** દ્વારા જ્ઞાતિમાંથી જે સભ્યો સ્વર્ગવાસ થયા હતા  તેઓને બે મિનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી. ત્યાર બાદ ઉજાણીમાં આવેલ સભ્યોને આવકારવામાં આવેલ અને જ્ઞાતિ અંગેની વિગતવાર  માહિતી આપવામાં આવી તેમ જ હિતવર્ધક મંડળ દ્વારા ચાલતી કન્યાદાન યોજના , વિધવા સહાય યોજના, ઉચ્ચ શિક્ષણ યોજના તેમજ જરૂરીયાત વાળા જ્ઞાતિના કુટુંબીજનોને સહાય યોજનાની માહિતી આપી અને તેનો લાભ લેવા જણાંવ્યુ.

ત્યાર બાદ પ્રમુખશ્રીનું સ્થાન સંભાળતા **શ્રી શ્વેતલભાઈ** એ જ્ઞાતિની વિગત વાર માહિતી આપી અને આગામી વર્ષના કાર્યક્રમની માહિતી આપી. ટૂક સમયમાં જ્ઞાતિ દ્વારા ધાર્મિક પ્રવાસ અંગેની માહિતી આપી, વધુમાં અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા ચાલતા કાર્યક્રમની માહિતી આપી  આ પાંચ યોજનાઓનો લાભ આપણી જ્ઞાતિના સૌ સભ્યો લે તેમ જણાંવ્યું. શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા શરૂ કરવામાં આવેલ પંચ પર્વ અંગેની વિગતવાર માહિતી આપી. આપણાં માટે ગૌરવની વાત છે કે **શ્રી શ્વેતલભાઈ** આ પંચ પર્વના કન્વિનર છે.

આપણાં મુખ્ય મહેમાન **ચંન્દ્રકાંતભાઈ** જેઓ ખૂબ સારા એસ્ટ્રોલોજર છે, તેઓએ ખૂબ જ સરળ સૂંદર માહિતી આપી અને સભ્ય દ્વારા પુછેલા સવાલોના જવાબ આપ્યા, તેઆએ જાહેર કર્યું કે જ્ઞાતિના કોઈપણ સભ્યો ને એસ્ટ્રોલોજીના ક્લાસિસ કરવા હોય તેમજ જન્માક્ષર અંગેની માહિતી વિનામૂલ્ય જ્ઞાતિના સભ્યોને આપશે, પ્રમુખ **શ્રી શ્વેતલભાઈ** દ્વારા તેઓને બૂકે આપી સ્વાગત કરવામાં આવ્યું.

અંતમાં **શ્રી હર્ષદભાઈ** દ્વારા આભારવિધિ કરવામાં આવી. અને સૌ સભ્યો માતાજીનો પ્રસાદ (ભોજન) લઈ છુટા પડ્યા હતા.




## A.D.S. નેટવર્કિંગ ફોરમની માસિક મીટીંગ



**તા. ૨૯, માર્ચ, શનિવાર.**
**સ્થળ: અતિથી - ધ હોટલ, એલિસબ્રિજ, અમદાવાદ.**

A.D.S. નેટવર્કિંગ ફોરમ દ્વારા ૨૯ માર્ચના રોજ અતિથી - ધ હોટલ, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે તેની માસિક મીટીંગ સફળતાપૂર્વક યોજી હતી, જેમાં સભ્ય જોડાણ અને નેટવર્કિંગ પરિણામોને વધારવા માટે રચાયેલ એક તાજુ અને માળખાગત ફોર્મેટ રજૂ કરવામાં આવ્યું હતું.

મીટીંગનું મુખ્ય આકર્ષણ નોંધણી દરમ્યાન એકત્રિત કરાયેલ સભ્ય પ્રોફાઈલનું ઓન-સ્ક્રીન પ્રદર્શન હતું. જે દરેક સભ્યના વ્યવસાય અને સેવાઓને વધુ દશ્યતા પ્રદાન કરે છે, જે વધુ અર્થપૂર્ણ અને કેન્દ્રિ નેટ વર્કિંગને પ્રોત્સાહન આપે છે.

અત્રે મીટીંગ પહેલા અને પછી અનૌપચારિક નેટવર્કિંગ અને મીટીંગ દરમ્યાન માળખાગત, અસરકારક ક્રિયા-પ્રતિક્રિયાઓ વચ્ચે સંપૂર્ણ સંતુલન બનાવ્યું. ફરજીયાત ઓનલાઈન નોધણી સાથે, ઈવેન્ટ કાર્યક્ષમ રીતે આયોજન અને સરળ રીતે ચલાવવામાં આવી હતી.

મીટીંગને ત્રણ સ્ટેન્ડી સ્પોન્સર્સ અને એક મીટીંગ સ્પોન્સરન્સના સમર્થનથી વધુ સમૃદ્ધ બનાવાવામાં આવી હતી. જે એક જીવંત અને વ્યાવસાયિક વાતાવરણમાં ફાળો આપે છે. વ્યક્તિગત નામ ટેગ સાથે સુવ્યવસ્થિત બેઠક વ્યવસ્થાએ સભ્યો વચ્ચે સીમલેસ અનુભવ અને ઉન્નત ક્રિયા પ્રતિક્રિયાઓની ખાતરી આપી હતી.

એકંદરે આ એક હેતુપૂર્ણ અને લાભદાયી મેળાવડો હતો, જે ખરેખર A.D.S. નેટવર્કિંગ ફોરમના મુખ્ય ઉદ્દેશ્ય - જોડાવા, સહયોગ કરવા અને સાથે વિકાસ કરવા ને પ્રતિબિંબ કરે છે.

અમે વધુ વ્યવસાયિકોને ફોરમમાં જોડાવા અને અર્થપૂર્ણ નેટવર્કિંગ અને વ્યવસાય વૃદ્ધિ માટે તે જે તકો પ્રદાન કરે છે. તેનો સંપૂર્ણ લાભ લેવા માટે હાર્દિક આમંત્રણ આપીએ છીએ.





## શ્રી અમદાવાદ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ

### તા. ૬-૪-૨૫ને રવિવારે યોજાયેલ સિદ્ધાંમ્બિકા માતાજી પાટોત્સવનો અહેવાલ

ઉપરોક્ત જ્ઞાતિના ઉપક્રમે તા. ૬-૪-૨૦૨૫ને રવિવારના રોજ સાંજે ૬-૩૦ વાગે શેઠ શ્રી જીવણલાલ ચિનાઈ હોલ, અમદાવાદમાં માતાજી પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

સૌપ્રથમ સાંજે ૬-૦૦ કલાકે સ્વ. **ચમનલાલ વ્રજલાલ સરૈયા** ના પરિજનો પૈકી **શ્રી પ્રશાંત ચમનલાલ શાહ**ના પુત્ર **શ્રી પાર્થ** અને તેઓના પત્ની **શ્રીમતી માનસી** અને પરિવારના સભ્યો તથા જ્ઞાતિ ભાઈ-બહેનોએ માતાજીની પૂજા-અર્ચના અને આરતી ઉતારી સમગ્ર જ્ઞાતિજનોની હાજરીમાં માતાજીનો જયનાથ કરી ધન્યતા અનુભવી હતી.

સદરહુ માતાજીના પાટોત્સવમાં સ્વ. **ચમનલાલ વ્રજલાલ સરૈયા**ના પરિવારજનો તરફથી રૂા. ૩૫,૦૦૦-૦૦ માતાજીના પાટોત્સવ પેટે તેમજ સ્વ. **દેવેનભાઈ મનુભાઈ શાહ**ના પરિવારજનો તરફથી મગસના પ્રસાદ પેટે રૂા. ૧૫,૦૦૦ જેવી માતબર રકમ આપી ધન્યતા અનુભવી હતી.

સદરહુ માતાજીના પાટોત્સવમાં ડેકોરેશન અને લાઈટીંગ વિગેરેની વ્યવસ્થા વિનામૂલ્યે **લકી ડેકોરેશનવાળા શ્રી રિકીનભાઈ રાજેશભાઈ સરૈયા**એ આપી હતી તે સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ હાજર રહેલા સૌ જ્ઞાતિજનોના માતાજીના પ્રસાદ માટે દૂધપાક, પુરી, પાંદડા, ખડખડિયા, કાજુ-કારેલાનું શાક, બટાકાનું શાક, કેરીનું શાક અને કઢી ભાત માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત જે જ્ઞાતિજનો ૭૫ વર્ષની ઉપરના અને અશક્ત હોય અને માતાજીના પાટોત્સવમાં ભાગ લઈ શકે તેમ ન હોય તેઓને ઘેર લઈ જવા પ્રસાદ તરીકે મગસના બોક્ષ આપવામાં આવ્યા હતા. આ પાટોત્સવના આશરે ૫૦૦ જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.

સદરહુ પાટોત્સવની વ્યવસ્થા કરવામાં પ્રમુખ **શ્રી મયંકભાઈ સરૈયા**, દિશાવાળ ગૌરવ **જગદીશ શાહ**, ખજાનચી **શ્રી ધીરેનભાઈ પરીખ**, **શ્રી સુનીલ શાહ**, **શ્રી નીરજ શાહ**, **શ્રી અતુલ સરૈયા**, **શ્રી રૂપલ શાહ** અને સમગ્ર કારોબારીના સભ્યોએ કરી હતી. તેમજ વાડીના મેનેજર શ્રી જૈમિન વાઘેલાએ ભારે જહેમત ઉઠાવી હતી તે સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતમાં સ્વરૂચિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.



**શ્રી સિદ્ધાંમ્બિકા માતાજીની પૂજાઅર્ચના કરતાં શ્રી પાર્થ પ્રશાંત શાહ અને શ્રીમતી માનસી પાર્થ શાહ દ્રષ્ટિગોચર થાય છે.**

### શ્રી અમદાવાદ નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ મંડળ શ્રી સિદ્ધાંમ્બિકા માતાજીની ઉજાણીનો અહેવાલ



શ્રી અમદાવાદ નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ મંડળ દ્વારા શ્રી સિદ્ધાંમ્બિકા માતાજીની ઉજાણી તા. ૭-૪-૨૦૨૫ ને સોમવારે સાંજે ૬-૩૦ કલાકે શ્રી સાંઈ ઝૂલેલાલ ઓપન એર થિયેટર, પિકનીક હાઉસ પાસે, કાંકરિયા, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. મંડળના ૩૫૦ (ત્રણસો પચાસ) સભ્યોની હાજરી થી પ્રસંગની શોભામાં વધારો થયો હતો.

ઉજાણી પ્રસંગ કાર્યક્રમની શરૂઆત માતાજીના ફોટા પાસે દીપ પ્રાગટ્ય કરીને શરૂઆત કરવામાં આવી હતી. ટ્રસ્ટના ચેરમેન શ્રી "દિશાવાળ ગૌરવ" **શૈલેષભાઈ સી. શાહ**, મંડળના પ્રમુખશ્રી **ધર્મેશભાઈ ગોવિંદલાલ શાહ**, ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ ઘનશ્યામભાઈ** શાહ, મંત્રી **શ્રી વિભાવનભાઈ કૃષ્ણકાન્તભાઈ શેઠ**, ખજાનચી સંદીપભાઈ ઉપેન્દ્રભાઈ શાહ, પૂર્વપ્રમુખ **શ્રી મુકેશભાઈ પ્રહલાદજી શાહ**, ઉજાણીના દાતા **શ્રીમતી વિરબાળાબેન અશોકભાઈ શાહ** તેમ જ શ્રી નવગામ સમાજના પ્રમુખ **શ્રી ભરતભાઈ શાહ** દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. પ્રમુખ**શ્રી ધર્મેશભાઈ ગોવિંદલાલ શાહે** સ્વાગત પ્રવચનમાં દરેક હાજર સભ્યોને મંડળ વતી હૃદયપૂર્વક આવકાર્યા હતા અને મોટી સંખ્યામાં સભ્યોની હાજરી અને ઉત્સાહ જોઈને દરેકનો આભાર વ્યક્ત કરેલ હતો. **શ્રી દિપકભાઈ શાહે** શ્રી અમદાવાદ દિશાવાળ સમાજની પાંચ સ્કીમોની માહિતી આપી હતી અને જ્ઞાતિજનોને યોગ્ય યોગદાન આપવા અપિલ કરી હતી.

ત્યાર બાદ ઉજાણી સમારોહના દાતાશ્રી **શ્રીમતી વિરબાળાબેન અશોકભાઈ શાહ** પરીવાર દ્વારા માતાજીની છબી સામે સમગ્ર જ્ઞાતિજનો સાથે માતાજીનો થાળ અને આરતી કરી હતી. ઉજાણી પ્રસંગે દાતાશ્રી પરીવાર તરફથી રૂા. ૫૧૦૦૦/- ની ભેટ મંડળને મળી હતી. મંડળ વતી પ્રમુખશ્રીએ મોમેન્ટો આપીને તથા મંત્રીશ્રીએ શાલ ઓઢાડીને દાતાશ્રી પરીવારનું સન્માન કર્યું હતું. અને આભાર વ્યક્ત કરેલ હતો. ત્યાર બાદ સર્વ જ્ઞાતિજનોએ માતાજીનો પ્રસાદ (ભોજન) સમૂહમાં લીધો હતો અને સાથે સાથે અમદાવાદ નવગામ રાઈઝિંગ સ્ટારના કન્વિનર **શ્રી ધવલભાઈ શાહ** તેમ જ **શ્રી અજયભાઈ શાહ** દ્વારા ભોજન સાથે કરાઓકે ઉપર ગીતની રમઝટ બોલાવી હતી. ભોજન બાદ સમાજના **શ્રી પરિનભાઈ** અને **શ્રીમતી ધરાબેન** દ્વારા દ્વારા સમાજના સભ્યો માટે હાઉસીની રમતનું આયોજન કરેલ હતું. જેને સૌ સભ્યોએ આનંદ સાથે માણેલ હતું.

મંત્રી **શ્રી વિભાવનભાઈ કે. શેઠ** એ પ્રોગ્રામને સફળ બનાવવા માં મદદ અને મહેનત કરનાર સર્વે કારોબારી કમીટી સભ્યોનો આભાર માન્યો હતો અને ફરી મળવાના મજબૂત ઈરાદા સાથે સૌ છુટા પડ્યા હતા.


## સર્વોદય પરિવાર ટ્રસ્ટ

**ટ્રસ્ટી મંડળ (વર્ષ ૨૦૨૫-૨૦૨૮)**

| | | | |
|---|---|---|---|
| શ્રી ઉમંગભાઈ ડી. શાહ | (પ્રમુખ) | શ્રી દિનેશભાઈ આર. શાહ | (ટ્રસ્ટી) |
| શ્રી પરાગભાઈ જે. શાહ | (મંત્રી) | શ્રી રૂપેશભાઈ કે. શાહ | (ટ્રસ્ટી) |
| શ્રી નિલેશભાઈ એમ. મહેતા | (ઉપપ્રમુખ) | શ્રી કીર્તિભાઈ જે. શાહ | (ટ્રસ્ટી) |
| શ્રી પિયુષભાઈ (ભીખાભાઈ) પી. શાહ | (સહમંત્રી) | શ્રી રીતેષભાઈ જે. શાહ | (ટ્રસ્ટી) |
| શ્રી ભરતભાઈ સી. શાહ | (ખજાનચી) | શ્રી વિપુલભાઈ એ. શાહ | (ટ્રસ્ટી) |
| શ્રી દિવ્યાંગભાઈ બી. શાહ | (તંત્રી) | | |

### કો-ઓપ સભ્યો

શ્રી બકુલભાઈ એસ. શાહ　　શ્રી યોગેશભાઈ સી. શાહ

# મહિલા પાંખ પ્રોગ્રામ



## દાબડા ઉજાણી

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજની મહિલા પાંખ દ્વારા સમયાંતરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. તે અંતર્ગત તારીખ ૧૧, જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ લાંભા મંદિર ખાતે, પોટ લોક (દાબડા ઉજાણી) અને વિવિધ ગેમ્સનો એક સરસ કાર્યક્રમ, મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી દક્ષાબેન શાહના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગયો. બહોળી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ, દર્શનના લાભની સાથે સાથે જુદી જુદી રમોતોનો આનંદ માણ્યો. સ્વાદિષ્ટ અલ્પાહારની સાથે દક્ષાબેન તરફથી જલેબીની ફીસ્ટ સૌએ હરખભેર માણી. રમતગમત, વાતચીતનું આદાન પ્રદાન અને ભોજનની મજા માણતા સૌએ મહિલા પાખના ભવિષ્યમાં થનાર પ્રોગ્રામ માટે પણ મૌલિક સૂચનો કર્યા. આનંદ પ્રમોદ સાથે સમય ક્યાં પસાર થી ગયો એ જ ખબર પડી નહીં. "ફરી મળીશું" ના ભાવ સાથે સૌ છૂટા પડ્યાં.



## સ્નેહ મિલન

તારીખ ૨૭-૧૧-૨૪ના રોજ નવા વર્ષની શરૂઆતમાં **પૂર્ણાનંદ આશ્રમ**માં સ્નેહમિલન મહિલા પાંખ દ્વારા રાખેલ હતું. **વિરલબેન** એ બધા જ બહેનોને આવકાર્યા હતા તેમજ **દક્ષાબેને** બધાને સંબોધન કર્યું હતું પછી બપોરની ચા કોફી આપી બધાની ઈચ્છા પ્રમાણે હાઉસી રમાડી ખૂબ મજા કરાવી સાંજે છ વાગ્યે ચણાં-પુરી, ગુલાબજાંબુ, પાપડ, સલાડ ની મજા માણી હતી. સાંજે ૭-૦૦ વાગે બધા છૂટા પડ્યા હતા.

**દક્ષાબેન શાહ**
**વિરલબેન શાહ**

# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ

## મહિલા પાંખ કમિટીની રચના
## વર્ષ ૨૦૨૫-૨૬ માટે

સરલાબેન એ. શાહ - ચેર પર્સન
દક્ષાબેન એન શાહ - પ્રમુખ
નીનાબેન જી. શાહ - ઉપપ્રમુખ
વિરલબેન આર. શાહ - મંત્રી
રેશ્માબેન એચ. શાહ - સહમંત્રી
બીજલબેન જી. ભગત - ખજાનચી

| | |
|---|---|
| યામિનીબેન શાહ | કિશોરીબેન માણકીવાલા |
| પ્રફુલાબેન શેઠ | રૂપલબેન શાહ |
| ઈલાબેન મુનશી | નિમિષાબેન ગાંધી |
| ચારૂબેન પરીખ | મનીષાબેન પરીખ |
| પારૂલબેન ડી. શાહ | કૈલાશબેન જી. શેઠ |
| અલ્પાબેન પરીખ | છાયાબેન એસ. શાહ |
| નીનાબેન કે શાહ | રાજુબેન ડી. શાહ |

નીતલબેન પી. શાહ

## "શ્રી કડી દશા દિશાવાળ સમાજ મણિનગર દ્વારા શ્રી સિદ્ધાંમ્બિકા માતાજીની ઉજાણી"

શ્રી કડી દશા દિશાવાળ સમાજ, મણિનગર તરફથી આપણાં કુળદેવી શ્રી સિદ્ધાંમ્બિકા માતાજીના પ્રાગટ્ય દિન ચૈત્ર સુદ-૧૦ના તા. ૭-૪-૨૦૨૫ને સોમવારે શ્રી બારગામ દશાનાગરની વાડી, મણિનગર ખાતે ઉજાણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત શ્રી સિદ્ધાંમ્બિકા માતાજીની સમુહ આરતીથી કરવામાં આવી હતી. ત્યાર બાદ પ.પૂજ્ય આશયબાવાશ્રી (આશય) ના આર્શીવચન તથા ચરણસ્પર્શનો સૌ જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. વર્ષ દરમ્યાન અવસાન પામેલ જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આજના ભોજન સમારંભનો સંપૂર્ણ ખર્ચ (૧) શ્રી હસમુખલાલ નાથાલાલ શાહ (રંગવાળા)ના કુટુંબીજનો તથા (૨) સ્વ. ચંદ્રિકાબેન બંસીલાલ શાહ ના સ્મરણાર્થે તેમના પરિવારજનો તરફથી આપવામાં આવ્યો હતો. ૨૦૨૩-૨૦૨૪ વર્ષ દરમ્યાન કે.જી. થી ધોરણ ૮ પાસ થયેલ તમામ વિદ્યાર્થીઓને સ્વ. કિરણબેન નંદલાલ શાહ તરફથી ગીફ્ટ આપવામાં આવી હતી તથા શ્રીમતી રંજનબેન દિપકભાઈ શાહ તથા પહલ શ્યામલ શાહ તરફથી સ્વ. શ્યામલ દિપકભાઈ શાહના સ્મરણાંર્થે ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષ દરમ્યાન મણિનગર સમાજ તરફથી સ્કૂલ બેગ તથા પાઉચનું સર્વે કૌટુંબિક સભ્યને ગીફ્ટ તરીકે વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌ જ્ઞાતિજનો ભોજન પ્રસાદી લઈને આનંદ વિભોર છૂટા પડ્યા હતા, આ સમગ્ર આયોજન પાછળ શ્રી રવિન્દ્ર શાહ, શ્રી દિપકભાઈ શાહ, શ્રી ભરતભાઈ શાહ, શ્રી પરિમલભાઈ દેશાઈ, શ્રી ભરતભાઈ કોઠારી, શ્રી જયેશભાઈ પરીખ, શ્રી નીતીનભાઈ શાહ તથા યુવાવર્ગોએ ખૂબ મહેનત કરીને આયોજન સફળ બનાવેલ છે. આ ઉપરાંત જ્ઞાતિજનો તરફથી ડોનેશન આપીને સહકાર આપવામાં આવ્યો છે.

॥ શ્રી સિધ્ધાંબિકાય નમઃ ॥

M. 95123 40532

# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ

ADS સ્થાપના ઈ.સ.1999

(ટ્રસ્ટ રજી. નં. : A/3567)

**રસિકલાલ રંગવાળા સદન**

૫, વાલ્મિક કોમ્પલેક્ષ, પહેલા માળે, પરિમલ ગાર્ડન સામે, કાલુપુર બેંક સામે, એલીસબ્રીજ, અમદાવાદ.

E-mail: info@ads-online.in

સભાસદ નંબર

## સભાસદ ફોર્મ

તારીખ : - -૨૦૨

નામ : શ્રી/શ્રીમતી/કુમારી ______________________

નામ પિતા/પતિનું નામ અટક

જન્મ તારીખ : ________ અભ્યાસ : ________ વ્યવસાય : ________

ઘરનું સરનામું : ______________________

______________________

______________________

ફોન નંબર : ________ (Mob.1) ________ (Mob.2) ________

E-mail ID : ______________________

જ્ઞાતિ ઘટકનું નામ : ______________________

| | | | |
|---|---|---|---|
| * આજીવન દાતા સભાસદ DM/DF રૂા. ૧૦,૦૦૦/- | | * આજીવન મુરબ્બી સભાસદ MM/MF રૂા. ૧,૦૦૦/- | |
| * આજીવન પેટ્રન સભાસદ PM/PF રૂા. ૨,૦૦૦/- | | * આજીવન સામાન્ય સભાસદ GM/GF રૂા. ૫૦૦/- | |
| * કાયમી સંસ્થાકીય સભાસદ (જ્ઞાતિ સંસ્થા માટે) રૂા. ૫,૦૦૦/- | | * આજીવન સહાયક સભાસદ SM/SF (બહાર ગામના સભ્યો માટે) રૂા. ૫૦૦/- | |

આ સાથે સભાસદ ફી રૂા. ________ અંકે રૂા. ______________________

રોકડા ☐ ચેક/ડ્રાફ્ટ ☐ નં. ________ તારીખ ________

બેંક ______________________ થી મોકલેલ છે, જે સ્વીકારી લેશો.

નોંધ : (૧) દિશાવાળ સમાજમાં જન્મેલ ૧૮ વર્ષથી વધુ વય ધરાવનાર વ્યક્તિ સભ્ય થઈ શકશે.
(૨) દિશાવાળ સમાજ સિવાય અન્ય જ્ઞાતિ ઘટકમાં પરણેલ બહેનો સભ્ય થઈ શકશે નહીં.
(૩) સભાસદ ફી ભર્યા બાદ પાવતી અચૂક મેળવી લઈ, તેમાં દર્શાવેલ સભાસદ નંબર નોંધી લેવો આવશ્યક છે.

Shree Ahmedabad Dishaval Samaj
Bank of Baroda : IFSC CODE - BARBOFATAHM A/c. No. : 12410100003591

**✹ કાર્યાલય નોંધ ✹**

પાવતી નં. ________ તા. ________ રૂા. ________

પ્રમુખ મંત્રી

**શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ**

**સભ્યની સહી**



**શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ - જુના ડીસા**
E-mail : siddhambika@gmail.com
Web : www.siddhambikamataji.org
ટેલીફોન : (૦૨૭૪૪) ૨૭૨૨૭૬, ૦૯૪૦૮૦૧૯૩૪૨
ટેલીફેક્સ : (૦૨૭૪૪) ૨૭૨૫૭૫, ૦૯૯૨૪૫૭૨૨૭૬
દેના બેંક બચત ખાતા નંબર : ૦૭૧૭ ૧૦૦૦ ૨૨૮૧

**શ્રીમતી ઈન્દુમતિ સુરેન્દ્રભાઈ નાનાલાલ પરીખ અતિથિભવનમાં માર્ચ - ૨૦૨૫ દરમિયાન ૪૮૨ યાત્રાળુઓએ લાભ લીધો હતો. શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ ભોજનાલય, જુના ડીસામાં માર્ચમાં સવાર સાંજ થઈને સાદા ભોજનનો કુલ ૬૧૪ યાત્રાળુઓએ લાભ લીધો હતો તથા મિષ્ટાન ભોજનનો કુલ ૬૫૩ યાત્રાળુઓએ લાભ લીધો હતો.**

## શ્રી માતાજી મનોરથ ભેટ ફંડ

| | | |
|---|---|---|
| ૪,૧૦૦ | શ્રી અનુપમભાઈ રવિન્દ્રભાઈ શાહ | ચોપડા |
| | હસ્તે શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ | |
| ૪,૧૦૦ | શ્રી હર્ષભાઈ દીપકભાઈ નવનીતલાલ | ગાંધીનગર |
| ૪,૧૦૦ | સ્વ. સુરેન્દ્રકુમાર વલ્લભદાસ દેસાઈ | |
| | હસ્તે શ્રી શૈલેન્દ્રકુમાર સુરેન્દ્રકુમાર દેસાઈ | મુંડી |
| ૪,૧૦૦ | સ્વ. શ્યામલત્તાબેન સુરેન્દ્રકુમાર દેસાઈ | |
| | હસ્તે શ્રી શૈલેન્દ્રકુમાર સુરેન્દ્રકુમાર દેસાઈ | મુંડી |
| ૪,૧૦૦ | સ્વ. નારાયણદાસ દ્વારકાદાસ શાહ | |
| | હસ્તે શ્રી શૈલેન્દ્રકુમાર સુરેન્દ્રકુમાર દેસાઈ | મુંડી |
| ૪,૧૦૦ | સ્વ. પ્રેમલત્તાબેન વસંતકુમાર શાહ | |
| | હસ્તે શ્રી શૈલેન્દ્રકુમાર સુરેન્દ્રકુમાર દેસાઈ | પૂના |
| ૪,૧૦૦ | શ્રીમતી શકુંતલાબેન જયંતિલાલ શાહ | મુંબઈ |
| ૪,૧૦૦ | શ્રીમતી ચિન્મયિબેન દેવાંગભાઈ સરૈયા | મુંબઈ |
| ૪,૧૦૦ | શ્રી વિદિતભાઈ દેવાંગભાઈ સરૈયા | મુંબઈ |

## શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ ભોજનાલય ફંડ

| | | |
|---|---|---|
| ૫,૦૦૦ | શ્રી યોગેશભાઈ નવનીતલાલ શાહ | વડોદરા |
| ૫,૦૦૦ | શ્રી ધ્રુવભાઈ અરવિંદભાઈ ચોક્સી | નવી મુંબઈ |

## શ્રી મેડિકલ સહાય યોજના ફંડ

| | | |
|---|---|---|
| ૪,૫૦૦ | શ્રી વી. એન. અર્થમેન્ટ | મુંબઈ |

## શ્રી ભેટ ફંડ

| | | |
|---|---|---|
| ૩,૦૦૦ | શ્રી જ્યોતિસભાઈ બાબુલાલ મોદી | અમદાવાદ |
| ૨,૫૦૧ | શ્રી મણિગંગા રતનતારા સુગંધી | |
| | હસ્તે શ્રી અરવિંદભાઈ ગંગાદાસ સુગંધી | નાસિક |

## શ્રી નવિન ભવન નિર્માણ ફંડ

| | | |
|---|---|---|
| ૫૧,૦૦૧ | શ્રી પ્રિતેશભાઈ જનકભાઈ શાહ | પેટલાદ |
| ૫૧,૦૦૧ | સ્વ. મંજુલાબેન ગોવિંદલાલ મહેતા | |
| | હસ્તે શ્રી હિમાંશુભાઈ ગોવિંદલાલ મહેતા | વડોદરા |
| ૨૧,૦૦૦ | શ્રી સિદ્ધામાતા મંદિર ટ્રસ્ટ | પૂના |
| ૧૧,૦૦૦ | સ્વ. ભીખુભાઈ પરષોત્તમદાસ શાહ | |
| | હસ્તે શ્રી મુકુંદભાઈ ભીખુભાઈ શાહ | ડાકોર |
| ૧૧,૦૦૦ | શ્રી ભગવાનભાઈ બાપુભાઈ ગુજરાતી | પૂના |
| ૩,૦૦૧ | શ્રી આનંદભાઈ ચેતનભાઈ ભારતી | ચોપડા |

## શ્રી નવીન ભવન નિર્માણ ભોજનાલય ફોટો ફંડ

| | | |
|---|---|---|
| ૭૧,૦૦૦ | શ્રી નિર્મળાબેન મનહરલાલ કોઠારી | |
| | હસ્તે શ્રીમતી રચનાબેન કમલેશભાઈ પરીખ | અમદાવાદ |
| | શ્રીમતી સપનાબેન કિરણભાઈ પરીખ | |

## શ્રી આર્થિક સહાય યોજના ફંડ

| | | |
|---|---|---|
| ૧,૦૦,૦૦૦ | શ્રી દિપકભાઈ કનુભાઈ પરીખ | મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી પાર્થિકભાઈ અપ્રેશભાઈ પરીખ | પાટણ-મુંબઈ |
| ૪,૫૦૦ | શ્રી વી. એન. અર્થમેન્ટ | મુંબઈ |

## શ્રી અનાજ સહાય યોજના ફંડ

| | | |
|---|---|---|
| ૧૦,૦૦૦ | સ્વ. શશિકાંતભાઈ ચીમનલાલ ગુજરાથી | |
| | હસ્તે શ્રી શિલ્પાબેન શશિકાંતભાઈ ગુજરાથી | પૂના |
| ૫,૦૦૦ | લોર્ડસ મેટલ ફૌન્ડ્રી | |
| | હસ્તે શ્રી કલ્પેશભાઈ વિનોદભાઈ પારેખ | ભાયંદર |
| ૨,૫૦૦ | શ્રી જીગરકુમાર દિનેશભાઈ મોદી | ડભાડ |

## શ્રી માતાજીને વસ્તુદાન ભેટ-સોનાની/ચાદીની/ઈમિટેશન

| | | |
|---|---|---|
| ૯૫,૦૦૦ | શ્રીમતી ચંદ્રિકાબેન જગદીશચંદ્ર મોદી | |
| | સોનાના પેડલ વાળી મોતીની માળા | અમદાવાદ |
| ૩૪,૫૦૧ | શ્રી નવિનચંન્દ્ર વાડીલાલ ગાંધી | |
| | ચાંદીમાં પાદુકા જોડ-૧ | મહેસાણા |
| ૧૯,૭૫૦ | શ્રીમતી ગીરાબેન વિનયભાઈ પરીખ | |
| | ચાંદીનો મુંગટ | અમદાવાદ |
| ૧૦,૪૫૦ | શ્રી વિરલકુમાર આર. મહેતા | |
| | ચાંદીની ડીસ | સુરત |
| ૭,૫૦૦ | શ્રીમતી ગરિમાબેન શ્રોફ | |
| | મંગળસૂત્ર સોનાના પાંચ પારા સાથે | બુહારપુર |
| ૯,૧૦૦ | શ્રી વેદાંસભાઈ હિરેનભાઈ પરીખ | |
| | ચાદીનું છત્ર-૧ મોટું | કડી |
| ૮,૫૯૦ | શ્રી ગોપાલભાઈ શિરાસુભાઈ શાહ | |
| | સોનાનો સિક્કો | અમદાવાદ |
| ૭,૮૦૦ | શ્રી અંકિતભાઈ અશોકભાઈ પટેલ | |
| | સોનાની લગડી | આણંદ |
| ૫,૦૦૦ | શ્રી ધવલભાઈ કાનાણી | |
| | ઈમિટેશન હાર, કુંદલ, પાયલ | મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રીમતી જાનવીબેન પુજનભાઈ શાહ | |
| | ચાંદીની પાયલ જોડ-૧ | પાલનપુર |
| ૩,૮૦૦ | શ્રી નિશિત જગદીશભાઈ પરીખ | |
| | ચાંદીનું છત્ર-૧, ચેન સાથે છ ઘુઘરી વાળુ | કડી |
| ૩,૬૦૦ | શ્રી ઉમંગભાઈ ચંપકલાલ ચોકસી | |
| | સોનાની નથ(વાળી) | પેટલાદ |
| ૩,૫૦૦ | શ્રી વિશાલભાઈ નારાયણભાઈ ગુજરાથી | |
| | સોનાનું મણી મંગળસૂત્ર, બિંદી | ધૂલિયા |
| ૩,૨૧૭ | શ્રી ગોપાલભાઈ શિરાસુભાઈ શાહ | |
| | ચાદીનું છત્ર, બિલીપત્ર પતરું, લગડી | અમદાવાદ |
| ૨,૭૦૦ | શ્રી સૌરભભાઈ દિપકકુમાર પરીખ | |
| | ચાંદીનું છત્ર-૧ | અમદાવાદ |
| ૨,૭૦૦ | શ્રી દિશાબેન શાહ | |
| | ચાદીની પાયલ જોડ-૧ | પેટલાદ |
| ૨,૫૦૦ | શ્રીમતી નીલમબેન કાંતિલાલ શાહ | |
| | ઈમિટેશન હાર | સુરત |
| ૧૮,૫૦૦ | શ્રીમતી દેવલબેન પટેલ | |
| | ઈમિટેશન હાર | ડીસા |

માર્ચ - ૨૦૨૫ માસમાં માતાજીના ભાવિક ભક્તો તરફથી માતાજીને રૂા. ૧૦૦૦/- થી ઉંચી કિંમતની ૨૧ સાડી અંગીકાર કરવામાં આવી હતી.

# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ આયોજીત
## ત્રણ દિવસીય બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટની ઝલક...

















ટ્રોફી વિજેતા ટીમો

# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ આયોજીત
## ત્રણ દિવસીય બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટની ઝલક...




















# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ આયોજીત

## ત્રણ દિવસીય બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટની ઝલક...



RNI No. GUJGUJ/2002/7890
Date of Publication : 25th of EVERY MONTH


POSTAL REG. NO. GUJ / 524 / 2021 - 23 VALID UPTO 31-12-2023
POSTED AT P.S.O. AHD.-2 ON 28TH OF EVERY MONTH



શ્રી મુંબઈ દિશાવાળ સમાજના ઉપપ્રમુખ શ્રી વિજયભાઈ એન. શાહ નું શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ ની ઓફીસ શ્રી રસીકલાલ રંગવાળા ભવન ખાતે તા. ૧૯-૪-૨૦૨૫ ના રોજ હોદેદારો અને ટ્રસ્ટી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.



શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર (SVVP) ની નવી ઓફીસના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રમુખ શ્રી કીરીટભાઈ કે. શાહ ને મોમેન્ટો આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના તથા SVVP ના હોદેદારશ્રીઓ નજરે પડે છે.

## અભિનંદન




શ્રી દિશાવાળ રત્ન **શ્રી ભાસ્કરભાઈ શાહ** (પાટણ દશા દિશાવાળ) ની કંપની મે. જેમ્સ ઈન્ટરનેશનલ પ્રા. લી. ને NMS Media તરફથી Global Business Icon Awards દુબઈમાં મસાલાના વધુ ને વધુ એક્સપોર્ટ કરવા માટે તાજેતરમાં આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ બદલ અમદાવાદ દિશાવાળ સમાજ ગૌરવ અનુભવે છે, અને અભિનંદન પાઠવે છે.






શ્રી પાટણ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ ના **શ્રી વિનયભાઈ નંદલાલ પરીખ**ની દિકરી **સાક્ષીબેને** ચાલુ વર્ષે નવેમ્બર ૨૦૨૪માં સી.એ. ફાઈનલની પરીક્ષા પાસ કરી **ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ** ની ડીગ્રી મેળવી પરીવાર તથા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

**શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ તરફથી સાક્ષીબેનને ખૂબ ખૂબ અભિનંદન...**

From :
**SHRI AHMEDABAD DISHAWAL SAMAJ**
Ojas Bhavan, Opp. State Bank of India,
Astodia Road, AHMEDABAD - 380 001.
Phone : 079 - 2214 6803

To,

• EDITOR : SHRI DEVANG PRAVINCHADRA DESAI
• OWNER : SHRI AHMEDABAD DISHAWAL SAMAJ
• PUBLISHER & PRINTERS : SHRI JAGDISHBHAI S. SHAH Email : dishawalsaurabh@yahoo.com
• Printed At : OJAS PRINTERS & STAT., Ojas Bhavan, Opp. State Bank of India, Astodia Road, AHMEDABAD - 380 001.